હિત શિક્ષા.

વા. મો. શાહ.

"શ્રી સ્થા. જૈન જ્ઞાન પ્રસારક મંડળ"—મણકો ૧ લો.

હિત શિક્ષા.

અથવા

(સર્વ ધર્મને માન્ય, સ્વાભાવિક—કુદરતી નિયમો
ઉપર બંધાયલાં અને આ લોક તેમજ
પરલોકમાં સુખ આપનારાં
સાદાં સત્યો.)

—:o:—

પ્રકાશક
વાડીલાલ મોતીલાલ શાહ
"જૈનહિતેચ્છુ" પત્રનો જૉઈન્ટ એડીટર અને
'સતી દમયંતી અને તેની વાતમાંથી લેવાની શિખામણો'
તથા "મધુમક્ષિકા" નો કર્ત્તા.

અમદાવાદ.

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।
अनुग्रहश्च दानं च सतां धर्मः सनातनः ॥

પ્રથમાવૃત્તિ—પ્રત ૫૦૦૦.
સપ્ટેમ્બર ૧૯૦૪.

અમદાવાદ—યુનિયન પ્રિન્ટિન્ગ પ્રેસ.

પહેલી આવૃત્તિની નકલો શિલિકે નથી; બીજી આવૃત્તિ થોડાજ વખતમાં છપાશે. અગાઉથી સામટી પ્રતોના ગ્રાહક થનારનાં નામ તેમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

બીજી આવૃત્તિની કિમત:—અગાઉથી ૧૦ પ્રતનો રૂ ૧॥, ૫૦ પ્રતના રૂ. ૬॥ અને ૪૦૦ પ્રતના રૂ. ૪૯). પાછળથી છુટક પ્રતનો રૂ. ०।

मातृवत् परदाराणि परद्रव्याणि लोष्टवत् ।
आत्मवत् सर्व भूतानि यः पश्यति स पश्यति ॥

સર્વ ભવ્ય પ્રાણીઓના

ઐહિક તેમજ પારમાર્થિક હિત સારૂ

આ લઘુ પુસ્તક

પોરબંદરના

મર્હુમ સ્વધર્મનિષ્ટ શેઠ જવરાજ દામજીના

સ્મરણાર્થે

શ્રી 'સ્થા. જૈન જ્ઞાન પ્રસારક મંડળ' માટે

પ્રસિદ્ધ કર્યું છે.

—:o:—

वा. मो. शाह.

"તેજ જુએ છે—તેનેજ અંતર્ચક્ષુ છે કે જે પરદારાને **માતા** સમાન જુએ છે, પરદ્રવ્યને **પથ્થર** તુલ્ય જુએ છે અને સર્વ પ્રાણીને **પોતા** સમાન જુએ છે."

પ્રસ્તાવના.

આજકાલ ચોતરફથી "ધર્મ—ધર્મ—ધર્મ" એવી ગર્જના થતી સાંભળવામાં આવે છે. કેટલાક 'દાન કરો' એમ કહે છે, કેટલાક 'ધ્યાન ધરો' એમ બોધે છે, 'હરિગુણગાન કરો' એમ વળી કેટલાક બુમ પાડે છે. એમ સૌ મોટી મોટી વાતો કરે છે પણ નાની નાની વાતો—અંદર મહત્વતા ભરેલી નાની નાની વાતો—જે તેમના મોં આગળજ પડેલી છે—તેમનાથી સહજમાં બની શકે તેવી છે તે ઉપર તો થોડાઓજ લક્ષ આપતા જણાય છે. વળી 'શુભ'નો બોધ બધા આપે છે પણ 'અશુભ' માંથી છુટવાની અને તેનાથી વેગળા રહેવાની જરૂરીઆત સમજાવનારા થોડાઓજ જોવામાં આવે છે.

દરેક કામ શ્રેણીથી—ક્રમથી થવું જોઇએ. એકજ ફલંગે સ્વર્ગમાળમાં કૂદી પડવાનો બોધ ગેરવ્યાજબી તો શું પણ મૂર્ખતા ભરેલો ગણવો જોઇએ.

પ્રથમ તો જે કૃત્યોથી અવશ્ય વિરક્ત થવું જો-

ઇએ—જે કૃત્યો ખુલ્લી રીતે નુકશાનકારક છે તે સ્પષ્ટ રીતે સામાન્ય પ્રજાની નજર આગળ દીવાની માફક પ્રકાશવાં જોઇએ—તેનાં ત્રાસદાયક ફળોનો ખ્યાલ તેમને ખુલ્લા શબ્દોમાં આપવો જોઇએ અને આપોઆપ તેનાથી દૂર થવા તેમનામાં ઇચ્છા ઉત્પન્ન થાય એવી ખુબી કરવી જોઇએ. જે મહાત્માઓ આ હેતુ પાર પાડી શકે એવી જાતનાં સરળ પુસ્તકો મારફત, નિર્દંભ ભાષણો—કથા—વ્યાખ્યાન—સમેન—કે હરકોઇ એવા રસ્તે પ્રજાવર્ગને ખોટા રસ્તેથી અને તેનાં વિનાશકારક પરિણામોથી બચાવે છે તે મહાત્માઓને કોટી પ્રણામ છે!

મારા આ વિચારો **લિંબડી** સમુદાયના પૂજ્ય શ્રી **ગોપાળજી** સ્વામીના શિષ્ય મહાપુરૂષ શ્રી **મોહનલાલજી** સ્વામીને પ્રસંગે જાણ થતાં તેમણે પોતે લખી રાખેલું એક પુસ્તક મારા હાથમાં મૂક્યું અને તેમાં દેશ—કાળ અનુસાર સુધારા—વધારા કરવા પરવાનગી આપી. દર્મ્યાન **ગુજરાત—કાઠિયાવાડના** કેટલાક ગૃહસ્થોએ આ ખબર સાંભળતાં એવા પુસ્તકની પ્રસિદ્ધિ જોવા ઘણીજ અધીરાઈ બતાવી. ટુંકમાં કહી લેવા દો કે, એ સર્વ બનાવોને પરિણામે પુસ્તક **તદ્દન ફરીથી** રચાયું, છપાયું અને મારા સ્વદેશી બંધુઓના હસ્તકમળમાં આવવા પામ્યું

પુસ્તક વાંચનારૈ મારા ભાઇઓએ અને બ્હેનોએ આટલું લક્ષમાં રાખવું કે, કોઈ પણ અમુક ધર્મના સિદ્ધાંતોના પ્રસાર માટે આ પુસ્તક લખાયું નથી. પણ સર્વ માન્ય—સર્વને એક સરખું હિત કરે તેવા ઉપદેશોજ એમાં સમાવ્યા છે.

એક વખત એવો હતો કે, જ્યારે હિંદુઓને દારૂ અને માંસ નહિ વાપરવાનો ઉપદેશ કરનારની હાંસી થતી. પણ હમણાં ઉંચ વર્ણના હિંદુઓમાં પણ 'હોટેલના હોસ્ટ' અને 'પીઠાના પોઠીઆ'ની સંખ્યા વધતી જાય છે. એવા વખતમાં એ વિષય ઉપર થોડુંક પણ દાખલા દલીલોથી રૂચીકર થઈ પડે તેવું કાંઇક લખવું તે નકામું નહિજ થઈ પડે—બલ્કે ઘણું જરૂરી ગણાશે.

આ પુસ્તક માટે અવારનવાર કિમતી સૂચનાઓ કરવા માટે મુની શ્રી મોહનલાલજી મહારાજ તેમજ પોરબંદરવાશી ભી. મનમોહનદાસ કપુરચંદનો અંતઃકરણથી આભાર માનું છું.

બીજી આવૃત્તિ થોડા જ વખતમાં કાઢવાની છે માટે વિદ્વાન વર્ગ તરફથી જે કાંઈ સુધારા વધારા સૂચવવામાં આવશે એ પર પુરતું લક્ષ આપવામાં આવશે.

વા. મો. શાહ.

સુજ્ઞ જનોને બે બોલઃ—આ પુસ્તકની સાટમટી પ્રતો ખરીદનાર ગૃહસ્થોએ તે પ્રતો ઘરમાં રાખી નહિ મુકતાં દરેક ધર્મના લોકોમાં મફત વહેંચવી, જેથી તેનો સદુપયોગ થશે.

અનુક્રમણિકા.

હિત શિક્ષા

પ્રવેશ.

એક પવિત્ર પુરૂષ સવારમાં કેટલાંક સ્ત્રી–પુરૂષોની સભામાં ધર્મોપદેશ કરતા હતા. તેમનો ઉપદેશ ઘણો વ્યવહારીક અને સર્વમાન્ય હતો. પોતાની પૂજાઅર્ચાનો તેમનો ઉદ્દેશ નહતો; તેમની સભામાં હાજરી નહિ આપનારને નાસ્તિક કે ધર્મ પામવાને અયોગ્ય કહેવાનો તેમનો રીવાજ નહતો. તેમજ મઠ–મંદીર–દેરાં કે અપાસરાના બંધાવનારને દેવલોકનું વચન આપવાની તે હિંમત ભીડતા નહોતા.

મુનીનો ઉપદેશ વ્યવહારીક હતો. વ્યવહારીક તે કેવો? સંસારવ્યવહારમાં ઉપયોગી. સાંભળવા આવનારા માણસો સંસારની અંદર રહેનારા હતા અ-

ને મુની તેમને સંસારની અંદર સુખે સમાધિએ નિર્દોષ જીંદગી ગુજારવાની યુક્તિ શીખવતા હતા.

મુનીનો વેશ જેવો સાદો હતો તેવીજ તેમની ભાષા સાદી હતી. આડંબર તેમને ગમતો નહોતો. સંસ્કૃત ભણેલા પણ વર્તણુકમાં સંસ્કૃત નહિ બનેલા એવા કેટલાક લોકો તેમના સાદા બોધને ' ઓહો ! ' કહી રસ્તે પડતા. પણ ભદ્રિક—સરળ સ્વભાવી પ્રાણીઓ તેમના એકેકા બોલને કિંમતી રત્ન તરીકે પકડી લેતા અને તે વડે સુખી થવાની આશા રાખતા.

ઉપદેશ સાંભળવા એકઠા મળેલાં સ્ત્રી—પુરૂષો જૂદી જૂદી જ્ઞાતિ અને જૂદા જૂદા ધર્મનાં હતાં. જૈન, વૈષ્ણવ, શીવમાર્ગી, ઇસ્લામી, જરથોસ્તી વિગેરે જૂદા જૂદા પંથના લોકો સૌ કોઇ આ ઉપદેશકને પોતાનાજ પંથના માની લેતા.—એવો તેમનો ઉપદેશ સામાન્ય હતો.

એ સભામાં એક જુવાન, હાલની કેળવણી પામેલો હતો. તે એક ચિત્તે ઉપદેશ સાંભળતો અને

કોઇ વખત ઉપદેશકનો હેતુ, સાંભળનારા પૈકી જુદા જુદા લોકો ઉપર થતી અસર, પોતાને સ્ફુરી આવતા વિચારો વિગેરે: નજીક બેઠેલા મિત્રને કહેતો. મુનીની ઉપદેશશ્રેણી શરૂ થઇ. પહેલો ઉપદેશ બોલાયો.

दिवस १ लो.

" સ્વાર્થનાંજ સ્વપ્નોમાં મશગુલ રહેશો નહિ. "

श्लोकार्ध प्रवक्षामि यद्युक्तं ग्रंथकोटीभि :
परोपकाराय पुन्नाय : पापानं परपीडनं ॥

અર્થ—કરોડો ગ્રંથોએ જે કહેલું છે તે બધાનો સાર હું એક અડધા શ્લોકમાંજ—એક લીટીમાંજ કહી દઉં છું કે, "પરોપકાર તે જ પુન્ય અને પરપીડન તે જ પાપ."

....

"સ્વાર્થનાંજ સ્વપ્નોમાં મશગુલ રહેશો નહિ."

કેળવાયલા જુવાનને મિત્રે કહ્યું

મિત્ર! આ તે ઉપદેશ કે મના? આદેશ કે નિષેધ?

કેળવાયલા જુવાને ઉત્તર વાળ્યો:

ભાઈ! લાંબી લાંબી વાતોમાંથી જેટલું ગ્રહણ ન થઇ શકે તેટલું, ખુલ્લા શબ્દોમાં કહેલા એક **નિષેધ**થી થઇ શકે. **ખ્રિસ્તી** ધર્મમાં "પાંચ મનાઓ" કહી છે અને તે ઉપર તો આખા ધર્મનો પાયો ચણ્યો છે. વળી માણસને અમુક કામ કરતાં વારવાથી તેને આપોઆપજ વિચાર સૂઝશે કે, **આમ** ન કરવું તો **કેમ** કરવું? ખોટા રસ્તેથી અટકાવીએ તો સાચે રસ્તે આપોઆપ જશે.

મિત્ર બોલ્યો:

ખરી વાત; ઉપદેશની એ પદ્ધતિનો હેતુ હું સમજ્યો. પણ સાંભળો, મુનીરાજ એ નિષેધ સંબંધી વિશેષ વિવેચન કરવા માંડે છે.

મુનીએ નિષેધ ઉપર વિવેચન ચલાવ્યું:—

ભાઈઓ અને બ્હેનો! તમને સૌને સુખ તો ઘણું વહાલું છે. સુખ માટે તમે સર્વ કામ કરો છો અને સુખની આશાએજ કામકાજ ચુકી અહીં આવ્યા છો. એવીજ રીતે પ્રાણીમાત્રને સુખ વહાલું છે. તમારા ભાઈભાંડુ-કુટુંબ કબિલાને સુખની ઇચ્છા છે—તમારા નાતીલાને સુખની આશા છે—તમારા દેશી ભાઈઓ તમામને સુખ વહાલું છે—મનુષ્ય માત્ર સુખને ઝંખે છે—એટલુંજ નહિ પણ મનુષ્ય સિવાયનાં બીજાં પ્રાણીઓ—પશુ-પક્ષી વિગેરે તેમજ જેમાં જેમાં જીવ છે તે સર્વને સુખ વહાલું છે.

તમે જે રસ્તે સુખ મેળવવા જતા હો તે રસ્તે હેરાનગતી નાખીને બીજો કોઈ માણસ પોતાનું સુખ સાધે તો તમને કેવું લાગે? અલબત માઠુંજ લાગે; તમને દુઃખ થાય; તમને તે બીજાની સ્વાર્થ-

બુદ્ધિ ઉપર તિરસ્કાર છૂટે. તેમજ તમે તમારા સુખ માટે બીજાં પ્રાણીઓ (કુટુંબીઓ, નાતીલાઓ, સ્વદેશીઓ કે પશુ–પક્ષી આદિ પ્રાણીઓ) ને જે કાંઇ હરકત કરો—તેમનામાં જે કાંઈ અપ્રિય લાગણી ઉત્પન્ન કરો તે તેમને દુઃખદાયકજ થાય. માટે તમને જો **તમારા** દુઃખનું ભાન હોય તો **બીજાના** દુઃખનું પણ ભાન રાખજો.

તમે કેટલી કેટલી રીતે બીજાઓને એટલે કે કુટુંબીઓને—નાતીલાઓને–સ્વદેશીઓને–તેમજ જનસમાજને અને પશુ–પક્ષી આદિ જીવોને સ્વાર્થ ખાતર દુઃખ આપી શકો, તે હું આગળ જતાં ઉપદેશશ્રેણીમાં કહીશ. પણ હમણાં તો હું તમને એમ બતાવવા માગું છું કે તમે જે રીત્યે સ્વાર્થ સાધવા માગો છો તે રીત્યે સ્વાર્થ ખરેખર સધાય છે કે કેમ ?

જુઓ ! જે માણસો સ્વાર્થમાંજ રાત દિવસ મચ્યા રહે છે તેમની બુદ્ધિ **એકપક્ષી** થઇ જાય છે;

એટલે કે, ન્યાયવિવેક તેમનામાંથી દૂર થાય છે, અગર કાંઈ નહિ તો ઘણો ઓછો થાય છે. ન્યાયવિવેક વગરનું જીવવું તે કુતરાના જીવવા બરાબર છે. એ જીવવામાં, સ્વાર્થથી મેળવેલું ધન કાંઈ સુખ આપી શકતું નથી; એ જીવવામાં, સ્વાર્થથી મેળવેલી સત્તા કાંઇ લહેજતં આપી શકતી નથી. અને એ જીવવામાં, સ્વાર્થથી મેળવેલાં વિવિધ પ્રકારનાં ઇન્દ્રિય સુખો થોડાંજ વખતમાં કંટાળા ભરેલાં થઇ પડે છે.

જો સ્વાર્થમાં રાચવામાં એટલે કે સ્વાર્થપરાયણતામાં સુખનો વાસો હોત તો મહારાજાઓ મુખમલનાં બીછાનાં છોડી રણક્ષેત્રમાં આથડવા જાત નહિ, પંડીતો ઠંડો છાંયડો છોડી ગામોગામ ફરી માથું દુઃખાવી ઉપદેશ કરત નહિ, શ્રીમંતો પોતાની દોલતં રાગરંગમાં વાપરવાને બદલે ગરીબોને પોષવામાં અને વિદ્યાવૃદ્ધિમાં વાપરત નહિ. આ બધા મહારાજાઓ, પંડીતો, અને શ્રીમંતો **પરમાર્થ** કરે છે તે માત્ર **સ્વાર્થ** અર્થેજ. તેમના અંતઃકરણમાં

પરમાર્થથી એક જાતનો આનંદનો શેરડો થાય છે. પોતાથી, અલ્પશક્તિ વાળા ઉપર ઉપકાર કરી તેઓ તેમને કૃતાર્થ કરે છે અને પોતે પણ કૃતાર્થ થાયછે.

તમારામાંના જેઓ જૈનધર્મી છે તેઓ હજારો વરસ ઉપર થઈ ગયેલા તેમના મહાવીર ભગવાનને શા માટે આજ પણ માનની લાગણીથી સંભારે છે અને પૂજે છે? જેઓ વૈષ્ણવ છે તેઓ વિષ્ણુ ભગવાનને શા માટે સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થાય છે? જેઓ શીવમાર્ગી છે તેઓ શીવભગવાનને શા માટે ભજે છે? ખ્રીસ્તી છે તેઓ શા માટે ઇશુખ્રીસ્તને સ્મરે છે અને પારસી છે તેઓ શા-માટે અશોજરથોસ્થની પ્રાર્થના કરે છે? તે સર્વનું કારણ એકજ છે:- તે સર્વ જેમને દેવ માને છે તેઓ જ્યારે દેહધારી મનુષ્ય રૂપમાં હતા ત્યારે સર્વ પ્રાણીઓ તરફ પરમાર્થ વૃત્તિ બતાવતા. સર્વને સુખ આપવામાં—સાતા પમાડવામાં પોતાના સ્વાર્થનો ત્યાગ કરતા. હવે વિચારો કે, તમે જેમને પૂજો છો—

માનો છો-તમારા તારનાર પ્રભુ ગણો છો તેઓએ જ જ્યારે પ્રાણીમાત્ર ઉપર દયા ભાવ કે જેનું બીજું નામ પરમાર્થ છે તેમાંજ સ્વાર્થનો સમાવેશ કર્યો, એટલે કે દયા-પરમાર્થમાંજ સુખ જોયું, તો શું તમે તેમનાં સંતાનો અને અનુચરો તેમનાથી વિરૂદ્ધ ચાલશો ? અને શું વિરૂદ્ધ ચાલવામાં સુખની આશા રાખી શકશો ? શું કુદરતનો કાયદો તમે ફેરવી શકશો ?

આથી ભાઇઓ ! તમે સમજ્યા હશો અને બ્હેનો ! તમને ખાત્રી થઈ હશે કે, " **સ્વાર્થ સાધવાનો એકજ રસ્તો છે અને તે રસ્તો તે બીજો કોઈ નહિ પણ પરમાર્થ જ છે.** "

....

અહીં મુનીનો પ્રથમ ઉપદેશ પૂરો થયો અને સભા વિસર્જન થઈ. મુની પોતાની ' જે ! ' બોલાવવા કે બોલવા દેવા રાજી નહોતા એટલે સૌ ચુપચુપ ચાલ્યું ગયું. સ્ત્રીમંડળી મુનીના ઉપદેશથી પ્રસન્ન થવા છતાં તેમના ગુણગ્રામનાં ગીત ગાવા

બોલ્યું નહિ. મુનીનો એ આદેશ—ઉદ્દેશ કે ઉપદેશજ નહતો.

પેલા બન્ને મિત્રો પણ ઉપદેશકને વંદન કરી રસ્તે પડ્યા. રસ્તામાં કેળવાયલા મિત્રે કહ્યું: "ભાઈ! મહારાજનો ઉપદેશ તો ન્યાયને રસ્તે છે. તેઓ પોતે પૈસો—મોટાઇ કે માનના સ્વાર્થ સિવાય આ પરમાર્થ કરે છે, તેથી વળી પરમાર્થનો તેમનો ઉપદેશ એવડી અસર કરે છે. અંગ્રેજ લેખકોના આવાજ વિચારો મારા વાંચવામાં આવ્યા હતા અને આ ઉપદેશકનાં વચનો અને વર્તણુકથી હવે મને વધારે અસર થઇ છે."

બન્નેનો રસ્તો જૂદો ફંટાતો હોવાથી વાતચીત અટકી અને બન્ને પોતપોતાના રસ્તે પડ્યા.



દિવસ ૨ જો.

"Thou shalt not kill."

"તું હત્યા કરતો ના"—બાઇબલ.

બીજે દિવસે સભા નિયમિત વખતે ભરાઈ અને મુનીએ ઉપદેશ ચલાવ્યો:-

"કોઇપણ પ્રાણીનો વધ કરશો નહિ."

કેળવાયલા જુવાને મિત્રને કહ્યું :-

જોયું ? મિત્ર ! આજની 'મના' ગઇકાલની 'મના'ના એક પેટાભાગ સમાન છે. છતાં તેને જૂદા રૂપમાં લંબાવીને મુની કાલનો ઉપદેશ હજી વધારે દ્દસાવવા ધારતા જણાય છે. કાલે તેમણે કહ્યું હતું કે-" તમે કેટલી કેટલી રીતે બીજાઓને એટલે કે કુટુંબીઓને-નાતીલાઓને-સ્વદેશીઓને-તેમજ જનસ-

માજને અને પશુ-પક્ષી આદિ જીવોને સ્વાર્થ ખાતર દુઃખ આપી શકો, તે આગળ જતાં કહીશ." અને તે વચન પ્રમાણે હવે તેઓ જણાવવા માગે છે કે, મનુષ્યો પ્રાણીને દુઃખ કેવી રીતે અને શા કારણથી આપે છે અને તેમ કરવામાં તેઓ પોતાને કેવી રીતે ઠગે છે. લાકડીથી, ઠગાઇથી, કલેષ કરાવવાથી, મારી નાખવાથી: એમ ઘણી રીતે એક પ્રાણી બીજા પ્રાણીને દુઃખ આપી શકે છે. પણ વધ કરવાથી જે દુઃખ આપેછે તે સૌથી વધારે ત્રાસદાયક દુઃખ હોવાથી મુનીએ તે વાત પ્રથમ હાથ ધરી. ઠીક છે; જો, મુની બોલવા માંડે છે.



ભાઇઓ અને બ્હેનો ! તમને કોઈ વખત હડકાયું કુતરૂં કરડવા આવ્યું છે ? સાપ કે વીંછી ડંખવા આવ્યો છે ? તાવ અગર બીજી કોઈ વ્યાધિએ તમને ઝપાટામાં લીધા છે ? અને એ વખતે તમારાં હાડેહાડ કેવાં ધ્રૂજતાં હતાં ? તમારા હાંજા કેવા નરમ થઇ જતા હતા ? તમે કેવી પોકો મૂકતા હતા ? અને તમે કેવા દયામણા શબ્દોથી કોઈ શૂરા માણસની–હથિયારની અને વૈદ્યની મદદ માગતા હતા ?

મોંતનો તો શું પણ માત્ર દુ:ખનોજ તમને જ્યારે આટલો ત્રાસ થાય છે ત્યારે કહો, વિચારવંત બાઇઓ અને બ્હેનો ! કહો, પેલાં અવાચક પશુ–પક્ષીઓ વિગેરે ઉપર તમે કાંઇ જુલમ ગુજારવા જાઓ

તો તેથી તેમને તે પ્રમાણે ત્રાસ થાય કે નહિ ?

'તમારી વા'રે ધાનાર તો ઘણા મળી આવે છે" પણ પેલા ઝાડ ઉપર શાંત મધુર સ્વરથી કલ્લોલ કરતા પક્ષીના નિર્દોષ જોડકાને જ્યારે ગલોલ મારી ભોંય ગબડાવી પાડવામાં આવે છે અને તે પાંખો ફફડાવી, અસહ્ય વેદનાથી કલ્લાહોલ કરી તરફડે છે ત્યારે તેની વા'રે કોણ ધાય છે ? અને જ્યારે પેલી 'ગરીબડી ગાય'ને કસાઇખાને ઘસડી જઇને-(હેતુ સમજી જવાને લીધે આગળ નહિ ચાલવાથી) તેને ધપાધપ સોટા મારીને તથા દોરડાવડે ઘસડીને ઉથલાવી નાખમાં આવે છે અને તેના આક્રંદ-બરાડા-ફાટેલી કોડા જેવી આંખો: એ સર્વ તરફ બેદરકાર બની, પેલો થોડા પૈસાનો સ્વાર્થી કસાઈ ઝગઝગતો છરો તેની ગરદન ઉપર ફેરવી દે છે તે વખતે તેના આડો કોણ હાથ દે છે ? તેના જુલમનું વેર લેવા કોણ આગળ આવે છે ? સ્વાર્થી મનુષ્ય ! **તારે** જ્યારે દયા માગવી પડશે ત્યારે આથી વધારે સારી દયા મળવાની આશા નજ રાખીશ.

મનુષ્યો **ચાર કારણને** લઇને હિંસા કરેછે:-(૧) દેવ નિમિત્તે; (૨) ખોરાક ખાતર; (૩) પ્રયોગ નિમિત્તે અને (૪) પરચુરણ કારણોથી.

હું એ ચારે કારણોની ભૂલ બતાવીશ અને સમજાવીશ કે, આ અતિ નિંદ્ય સ્વાર્થબુદ્ધિથી આચંદે માણસ પોતાને જરા પણ હિત કરી શકતો નથી અને જેના ઉપર એ ત્રાસ કરવામાં આવે છે તેનું તો બિચારાનું આથી બીજું કેવુંક અહિત થવું હતું?

પ્રથમ હું પહેલા કારણના સંબંધમાંજ બોલીશ. **દેવ નિમિત્તે** થતી હિંસાની વાત કરતાંજ શરમાતું પડે છે. એવાં બહાનાં આગળ ધરી હિંસા કરનારા આપણા મનુષ્યભાઇઓ ન્યાયબુદ્ધિને તદ્દનજ વિસારી મૂકે છે અને પોતાના ધર્મને વગોવંરાવે છે. સર્વ ધર્મ આત્માના કલ્યાણનો દાવો કરે છે અને સર્વ ધર્મનો પાયો કુદરતી નિયમો ઉપરજ ચણાયલો છે; પછી દેશ-કાળાદિ અનુસાર કેટલીક બાબતોમાં ઉંડા ઉતરતાં ધર્મશાસ્ત્રકારો કેટ-

લીક બાબતોમાં જૂદા પડી ગયા છે ખરા; પરંતુ સર્વ ધર્મ સત્ય અને અહિંસાના બોધનેજ મોખરે મુકે છે અને તે ઉપદેશની સાફલ્યતા ઉપરજ પોતાના ધર્મના વિજયનો આધાર માને છે.

જૈન કહે છે કે:—

पयंखु नाणिणो सारं जंनहिंसई किंचणं ।
अहिंसा समयंचैव पत्तावत्तं वियाणिया ॥

" જ્ઞાની પુરૂષના જ્ઞાનનો સાર એ છે કે–કોઇ પણ જીવને હણવો નહિ અને જીવદયા એજ પ્રધાન એવું વિવેકવંત હોય તે જાણે. "

વેદ કહે છે:—

अहिंसा परमोधर्म स्तथाहिंसा परोदमः ।
अहिंसा परमं दानमहिंसा परमं तपः ॥

" અહિંસા એજ મોટો ધર્મ છે, એજ દમ છે, એજ મોટું દાન છે અને એજ મોટો તપ છે."

કુરાન કહે છે કે:—

" માંસ અગર લોહી મને પહોંચશે નહિ; પર-

હેજગારીજ માત્ર મને પહોંચશે. "...(સુરાહ હજ)

वमामिन् दाब्बातिन् फिल् अर्देवला तैरुन यतीरोबजनाहीय्ये ईल्लाउममून्अमसालाकुम्

" અને જે પશુ પૃથ્વિ ઉપર ચાલે છે—અને જે પક્ષી પોતાની પાંખો વડે ઉડે છે તે બીજું કાંઇજ નહિ પણ **તમારા જેવા લોકો છે.** "

—(કુરાન—સુરેઆનઆમ).

માટે **પેગંબર હુઝરત મહમદ નબીસાહેબના** ખલીફા **હુઝરતઅલ્લી સાહેબે** ફરમાવ્યું છે કે—"તું પશુ કે પક્ષીની કબર તારા પેટમાં કરીશ નહિ."

પારસીભાઇઓના ધર્મપુસ્તક ઇજસ્ને મધ્યે કહ્યું છે કે:—

" જેઓ દુનિયાની પેદાશ ઉપર દયા લાવતા નથીં તેઓ વગર દયાના ' દેવો ' તથા દોઝખી આદમીઓ છે. "

તેમજ વળી તે ભાઇઓના જરથોસ્તનામામાં લખ્યું છે કે:—

बक्कु शतन नीयारंद कसकु दरेह ।
नृ आंगुस फंदा के बासद बरेह ॥

" કદી કોઇપણ જાનવર મોટું અથવા વૃદ્ધ થયું હોય તેને અથવા નાના બચ્ચાને અથવા કોઇ પ્રકારના જીવતા પ્રાણીને મારવાની સાફ મનાઈ છે. "

ખ્રિસ્તિ ધર્મના હુસીઆ પુસ્તકના ૮ મા અધ્યાયમાં લખ્યું છે કે—

"And when ye spread forth your hands, I will hide mine eyes from you. Yes, when ye make many prayers, I will not hear. Your hands are full of blood."

" જ્યારે તું તારા હાથ (વિનંતિ માટે) ઉંચા કરીશ ત્યારે હું (ઇશ્વર) મારી આંખો તારા તરફથી બીજી તરફ ફેરવીશ અને તું વિનંતિ ઉપર વિનંતિ કરીશ તોપણ હું ધ્યાન નહિ આપું, કારણ કે તારા હાથ (પ્રાણીને મારવાથી) લોહી લુહાણ છે."

ત્યારે હવે જુઓ પ્રિય શ્રોતાજનો ! દરેક ધર્મ દયાનો ઉપદેશ કરે છે—હિંસાનો નિષેધ કરે છે—હિંસા માટે તિરસ્કાર બતાવે છે. છતાં તેજ ધર્મના ઉપદેશકો અમુક અમુક નિમિત્ત બતાવીને હિંસાની છૂટ આપે—અરે ! હિંસાનો આદેશ કરે તે કેવી સંતાપજનક વાત ? આ કેવળ સ્વધર્મની હલકાઈ કરાવવાનું કામ નહિ તો બીજું શું ? અહિંસાના પાયા ઉપર ચણાયલા ધર્મો **ધર્મ** ખાતરજ હિંસા કરવાનું ફરમાવે એવું શું કોઇ વિચારવાન મનુષ્ય માની શકશે ? શું એવા ફરમાન કાઢી બતાવનાર જનોનો ગુપ્ત સ્વાર્થ છાનો રહેશે ?

બન્યું છે એમ કે, કેટલાક ઉપદેશકોએ અજ્ઞાનતાથી, ધર્મ પુસ્તકોનો મર્મ બરાબર નહિ સમજવાથી, અર્થનો અનર્થ કર્યો છે અને કેટલાક ઉપદેશકોએ માંસમદિરાની લાલચથી—બીજાઓ તે ન ખાય અને ગુરૂ ખાય તેથી પોતાની નિંદા થાય અને માન-દ્રવ્ય આદિ મળતું બંધ થાય તેમ સ-

મજીનો—ધર્મ પુસ્તકોમાં પાછળથી અમુક શબ્દો ઉમેરી દીધા છે.

ધર્મ અર્થે હિંસા (દાખલા તરીકે યજ્ઞ, બકરી ઇદ આદિ) કરવા સંબંધમાં તે ધર્મો ખુદ પોતે શું મત આપે છે તે હું તમને કહીશ. આપણા કેટલાક બ્રાહ્મણ બંધુઓ અશ્વમેધ, ગોમેધ, અજામેધ વિગેરે યજ્ઞોની હિમાયત કરે છે તે સંબંધમાં શ્રીમદ્ ભાગવત્ કે જે તેમનું પવિત્ર પુસ્તક ગણાય છે, અને માણસ મરી ગયા પછી તેના કલ્યાણ અર્થે જે પુસ્તક વંચાવવામાં આવે છે એવા એ પ્રમાણભૂત પુસ્તકના ૪ થા સ્કંધના ૨૫ મા અધ્યાયના ૭—૮ મા શ્લોકમાં કહ્યું છે કે:—

પ્રાચીનબર્હી નામના રાજાએ પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરવા સારૂ યજ્ઞો કરી હજારો પશુઓને મારેલાં તે જોઈ તે પ્રમાણે ન કરવા શ્રી નારદજીએ તે રાજાને કહ્યું કે—